For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વૃંદાવન ચાર રસ્તા પાસે મહાલક્ષ્મી સોસાયટીમાં પાલિકાનું 'બુલડોઝર' ગરજ્યું

# 30 જેટલા ઓટલા-દીવાલો જમીનદોસ્ત

**નોટિસની** ઐસીતૈસી કરનારા દબાણખોરો સામે તંત્રની લાલ આંખ; સનફાર્મા રોડ પરથી 3 ટ્રક ભરી હંગામી સામાન જપ્ત







(પ્રતિનિધિ) વડોદરા,તા.23

શહેરના ટ્રાફિકની સમસ્યાને હલ કરવા અને આંતરિક માર્ગો પર થયેલા ગેરકાયદેસર દબાણોને દૂર કરવા માટે વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર હવે 'એક્શન મોડ'માં આવ્યું છે. લાંબા સમયથી પડતર ફરિયાદોનો નિકાલ કરતા આજે પાલિકાની દબાણ શાખાએ પશ્ચિમ વિસ્તાર અને વૃંદાવન ચાર રસ્તા પાસે સપાટો બોલાવ્યો હતો. આ કામગીરી દરમિયાન 30 જેટલા પાકા ઓટલા-દીવાલો અને 15 જેટલા લારી-ગલ્લાઓના દબાણો હટાવી રસ્તાઓ ખુલ્લા કરવામાં આવ્યા હતા. વૃંદાવન ચાર રસ્તા પાસે આવેલી મહાલક્ષ્મી સોસાયટીના રહીશોએ આંતરિક રસ્તાઓની રોડ લાઈન દબાવીને ગેરકાયદેસર રીતે ઓટલા અને કમ્પાઉન્ડ વોલ બનાવી દીધા હતા. આ બાબતે વારંવાર ફરિયાદો મળતા ટાઉન પ્લાનિંગ વિભાગે અગાઉ રહીશોને સ્વૈચ્છિક રીતે દબાણો હટાવવા નોટિસ આપી હતી. તેમ છતાં, દબાણો યથાવત રહેતા આજે પાલિકાની ટીમ જેસીબી મશીનો અને પોલીસ કાફલા સાથે ત્રાટકી હતી. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ટીમે આશરે 30 જેટલા પાકા દબાણો તોડી પાડ્યા હતા. બીજી તરફ, શહેરના પોશ ગણાતા સનફાર્મા રોડ પર પણ પાલિકાએ કડક કાર્યવાહી કરી હતી. સનફાર્મા રોડથી બ્રિજ સુધીના માર્ગ પર ફૂટપાથ અને ડાબી બાજુના રસ્તા પર અડિંગો જમાવીને બેઠેલા લારી-ગલ્લાઓને કારણે પીક અવર્સમાં ટ્રાફિક જામની ગંભીર સમસ્યા સર્જાતી હતી. આજે દબાણ શાખાએ આશરે 12 થી 15 જેટલી લારીઓ અને અન્ય સામાન જપ્ત કર્યો હતો. પાલિકાની આ કાર્યવાહીથી આસપાસના વિસ્તારના અન્ય દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો હતો. પાલિકાની આ ઝુંબેશને રાહદારીઓ અને વાહનચાલકોએ ખુલ્લા મનથી વધાવી લીધી છે, કારણ કે રસ્તાઓ પહોળા થવાથી વાહન વ્યવહાર સુગમ બનશે. જોકે, બીજી તરફ લારી-ગલ્લા ચલાવી ગુજરાન ચલાવતા શ્રમિકોમાં રોષ જોવા મળ્યો હતો. પાલિકાના અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે શહેરના જાહેર હિત અને ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે આગામી દિવસોમાં પણ આ પ્રકારની ઝુંબેશ અવિરત ચાલુ રહેશે.

લગ્નની લાલચ, બ્લેકમેલ અને જાનથી મારી નાખવાની ધમકીઓ અપાઇ

# સગીરા પર કિશોર સહિત 6 જણાએ વારંવાર દુષ્કર્મ ગુજાર્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 23

વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી 16 વર્ષીય અનાથ સગીરા પર એક વર્ષથી વધુ સમય સુધી સતત દુષ્કર્મ ગુજારવામાં આવ્યાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. લગ્નની લાલચ આપીને શારીરિક સંબંધ બાંધ્યા બાદ, પ્રેમ સંબંધ જાહેર કરી દેવાની ધમકી આપી કાયદાના સંઘર્ષમાં આવેલા એક કિશોર સહિત કુલ 6 યુવકો દ્વારા વારંવાર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું, જેના કારણે સગીરા ગર્ભવતી બની ગઈ હતી.

લગ્ન પ્રસંગે પરિચય, પછી પ્રેમજાળ

પ્રાપ્ત માહિતી મુજબ, વડોદરા શહેરના હરણી વિસ્તારમાં રહેતો રોહિત રાઠોડિયા એક લગ્ન પ્રસંગમાં આવ્યો હતો, જ્યાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી સગીરા સાથે તેનો પરિચય થયો હતો. પરિચય બાદ યુવકે પ્રેમ સંબંધ બાંધ્યા અને લગ્ન કરવાની લાલચ આપી વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. જો કે, લાંબા સમય બાદ પણ યુવકે લગ્ન કર્યા નહોતા.

દરમિયાન રોહિત અને સગીરા વચ્ચેના સંબંધની જાણ થતાં કાયદાના સંઘર્ષમાં આવેલા એક કિશોર સહિત શૈલેષ ઉર્ફે અજય વસાવા, મનોજ વસાવા, સંજય રાઠોડ અને સાહિલ ઘાંચીએ સગીરાને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું હતું. આરોપીઓએ ધમકી આપી હતી કે જો તે તેમની સાથે શારીરિક સંબંધ નહીં રાખે તો સંબંધ જાહેર કરી દેશે અથવા જાનથી મારી નાખશે.આ ધમકીઓથી ડરી ગયેલી સગીરાનો લાભ લઈ પાંચ આરોપીઓએ અલગ-અલગ સમયે વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ બનાવો 10 ફેબ્રુઆરી 2025થી 20 ડિસેમ્બર 2025 દરમિયાન અનેક વખત થયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

**સગીરાના દુષ્કર્મીની ધરપકડ**

મૂળ ઉત્તર પ્રદેશનો રહેવાસી મુકેશ યાદવ, જે હાલ કરચિયા ગામ નજીક રહેતો હતો અને છૂટક મજૂરી કરતો હતો, તેણે છેલ્લા છ મહિનાથી પીડિત સગીરાને લગ્નની લાલચ આપી શારીરિક સંબંધો બાંધ્યા હતા. બંને વચ્ચે શહેરની એક હોટલમાં પણ મુલાકાતો થઈ હતી.લગ્ન ટાળતો અને ખોટા વાયદા કરતો મુકેશ યાદવ સામે જવાહરનગર પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગણતરીના કલાકોમાં ધરપકડ કરી હતી. હાલ પોલીસ આરોપીની કસ્ટડીમાં ઊંડાણપૂર્વક પૂછપરછ કરી રહી છે.

વારંવારના દુષ્કર્મના પરિણામે સગીરા ગર્ભવતી બની ગઈ હતી. આ વાતની જાણ પરિવારને થતાં મામલો વરણામા પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. સગીરાની ફરિયાદના આધારે પોલીસે કિશોર સહિત 6 આરોપીઓ સામે દુષ્કર્મ, પોક્સો એક્ટ અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.પીડિત સગીરાના માતા-પિતાનું અગાઉ અવસાન થઈ ગયું હોવાથી તે પોતાના સબંધીઓ સાથે રહેતી હતી. તેણીએ 10મું ધોરણ સુધી અભ્યાસ કર્યા બાદ ભણતર છોડ્યું હતું. પીડિતા અનુસૂચિત જાતિની હોવાથી પોલીસે એટ્રોસિટી એક્ટ પણ લાગુ કર્યો છે. પીડિતાનું મેડિકલ પરીક્ષણ કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.કરજણ ડિવિઝનના ડીવાયએસપી પી.એન. પટેલએ જણાવ્યું હતું કે, "મામલે ગુનો દાખલ કરી લેવામાં આવ્યો છે અને 6 અલગ-અલગ પોલીસ ટીમો આરોપીઓની ધરપકડ માટે કામગીરી કરી રહી છે."

ભરથાણા ટોલ નાકા પાસેથી 2023માં ડ્રગ્ઝ ઝડપાયું હતું

# એમડી ડ્રગ્ઝના ગુનામાં પેડલરને 12 વર્ષની કેદ

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

સુરતનો પેડલરને રૂપિયા 20 લાખના એમડી ડ્રગ્સ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. જેનો ચુકાદો ત્રણ વર્ષ બાદ આવ્યો છે. જેમાં પેડલરને મેજિસ્ટ્રેટ દ્વારા એનડીપીએસના ગંભીર પ્રકારના ગુનામાં તકસીરવાર ઠેરવીને 12 વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી છે. ઉપરાંત રૂપિયા એક લાખનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. સુરતના જહાંગીરપુરા ખાતે એસએમસી ક્વાટર્સમાં રહેતા દિલશાદ સિરાજુલહક શેખ મુંબઇ ખાતે વોન્ટેડ આરોપી સલીમ શેખ પાસેથી મેફેડ્રોન લઇ આવ્યો હતો. દેવેન્દ્રસિંહ ઉર્ફે લખન ચૌહાણ તથા સુનિલને વેચાણ આપવા માટે જતો હતો. તે દરમિયાન સુરતથી વડોદરા જતા નેશનલ હાઇવે 48 રોડ પર ભરથાણા ગામની સીમમાં ટોલનાકા પાસે વિક્રમ ડેરીફાર્મ સામે મેફેડ્રોન 200 ગ્રામ રૂપિયા 20 લાખ સહિત રૂપિયા એમડી સાથે ઝડપાઇ ગયો હતો. ત્યારબાદ તેની પૂછપરછ દરમિયાન દેવેન્દ્રસિંહ તથા સુનિલને ઝડપી પાડ્યાં હતા. પોલીસે આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરી હતી. જેમાં પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી હતી. ત્યારે આરોપી દિલસાદનો કેસ 23 ફેબ્રુઆરીના રોજ પ્રશાંત નરેન્દ્રકુમાર રાવલ સ્પેશિયલ એનડીપીએસ તથા છઠ્ઠા એડિશનલ સેશન્સ જજ વડોદરાની કોર્ટમાં ચાલી જતાં આરોપી દિલસાદ સિરાજુલહક શેખને તકસીરવાન ઠેરવીને 12 વર્ષની સખત કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

'મીની દમણ' બનેલા સમામાં SMCની મોટી રેડ : શહેર પોલીસની આબરૂના લીરેલીરા ઊડ્યા

# રૂ.13.58 લાખના દારૂ સાથે બૂટલેગર સહિત ત્રણની ધરપકડ, આઠ વોન્ટેડ

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

વડોદરા શહેરના 'મીની દમણ' તરીકે ઓળખાતા સમા વિસ્તારમાં ફરી એકવાર શહેર પોલીસની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા છે. સ્થાનિક પોલીસ તેમજ પીસીબી, ડીસીબી અને એસઓજી જેવી શહેરની એજન્સીઓ દારૂના બેફામ ધંધા સામે આંખ મીંચી બેઠી હોવાના સમયે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)એ સમા વિસ્તારમાં રેડ કરીને રૂ.13.58 લાખનો દેશી તથા વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. રેડ દરમિયાન દારૂ, મોપેડ, રોકડ રકમ અને ચાર મોબાઈલ મળી કુલ રૂ.14.14 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.સમા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં 24 કલાક



દારૂનું ખુલ્લેઆમ વેચાણ થવાના ઉહાપોહ વચ્ચે સ્ટેટ એજન્સી દ્વારા સમા વિસ્તારમાં વારંવાર રેડ કરે છે અને વડોદરા શહેર પોલીસ તંત્ર ઉંઘતું ઝડપાય છે.સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે તા. 22 ફેબ્રુઆરીના રોજ સમા પોલીસ હદમાં આવેલા દુમાડ ચોકડી રોડ, યોગેશ્વર પેટ્રોલ પંપની સામે સરોજ ભલા માળીના મકાનમાં દરોડો પાડ્યો હતો. અહીંથી વિદેશી તથા દેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. SMCએ મુખ્ય આરોપી સહિત ત્રણ આરોપીની ધરપકડ કરી છે.આ કેસમાં મુખ્ય મહિલા બુટલેગર સહિત કુલ 8 આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. ઝડપાયેલા આરોપીઓમાં કનુ ભલાભાઈ માળી(રહે. યોગેશ્વર પેટ્રોલ પંપ, દુમાડ ક્રોસ રોડ, તળાવ પાસે, સમા, વડોદરા) - IMFLનો મુખ્ય આરોપીહિમ્મત ઉર્ફે અબ્બો શંકરભાઈ માળી(રહે. સંજીવનગર, સમા, વડોદરા) ગૌતમસિંહ ગોપાલસિંહ પરમાર(રહે. સ્વામિનારાયણ ટેનામેન્ટ, આશાપુરી મંદિર પાસે, છાણી, વડોદરા)વોન્ટેડ આરોપીઓસરોજબેન ભલાભાઈ માળી - મુખ્ય આરોપીકૈલાશબેન શંકરભાઈ માળીશંકર ભલાભાઈ માળીબંટો (સપ્લાયર)શાહરૂખ શેખ (સપ્લાયર)સન્ની સિંહ ઉર્ફે બાપુ (સપ્લાયર)રફીક દિવાન (ફતેપુરા, વડોદરા - સપ્લાયર)રવિ રાજપૂત (સપ્લાયર)

સગીરાનો લગ્નનો વિરોધ છતાં પરિવારજનો અડગ

# 181ની ટીમે કાઉન્સેલિંગ કરી લગ્ન મૂલતવી કર્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

વડોદરા શહેરના સોમાતળાવ વિસ્તારમા રહેતી સગીર વયની કન્યાના તેના માતા બળજબરી પૂર્વક લગ્ન કરી નાખ્યાં હતા. ઉપરાંત સગીરાને પણ લગ્ન કરવા માટે દબાણ કરતા હોય તેણીએ કંટાળીને 181 અભયમનો સંપર્ક કર્યો હતો. જેથી અભયમની ટીમ દીકરીના પરિવારનું કાઉન્સેલિંગ કરવા સાથે બાળ વિવાહ કરાવવો કાયદાકીય ગુનો અને અપરાધ બને છે તેવુ સમજાવ્યું હતું. જેથી પરિવારે પણ પોતાની ભુલ સ્વીકારી બાળ લગ્ન મુલતવી રાખ્યા હતા. વડોદરા શહેરના સોમાતળાવ વિસ્તારમાં રહેતી એક સગીરાએ 181 મહિલા હેલ્પ લાઇન પર કોલ કરીને જણાવ્યું હતું કે તેમની મરજી વિરૂદ્ધ તેમનો પરિવાર લગ્ન નકકી કરે છે. જેથી અભયમ ટીમ બાપોદની ટીમ તુરંત સ્થળ પર પહોચી ગઇ હતી. ત્યારે સગીરાએ જણાવ્યું હતું કે 15 વર્ષની સગીરાના 24 વર્ષના યુવાન સાથે સગાઇ કરી લગ્નની તારીખ પણ નકકી કરી છે. સગીરાને હાલમાં લગ્ન કરવાની કોઇ પ્રકારની ઇચ્છા નથી અને તેની મરજી વિરૂદ્ધના લગ્ન મંજૂર કરવામાં આવ્યા હોવાનું સગીરાના કાઉન્સેલિંગ દરમિયાન અભયમની ટીમે માલુમ પાડ્યું હતું. અભયમની મહિલા ટીમ દ્વારા દ્વારા દિકરા દીકરી પુખ્ત વય થાય તે પહેલા લગ્ન કરાવવા એ કાયદાકિય ગુનો અને અપરાધ બને છે, જેમાં સજાની પણ જોગવાઇ છે. ઉપરાંત દીકરીને ભણવાની ઉંમર છે. તેણીને આગળ ભણાવી કારકિર્દી બનાવવા માટેનો અનુરોધ કરવામાં આવ્યો હતો.

કેદી પરીક્ષાર્થીઓને બોર્ડની પરીક્ષા માટે મોટીવેટ કરાયા

# વડોદરા સેન્ટ્રલ જેલમાં 14 કેદીઓ બોર્ડની પરીક્ષા આપશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

આગામી 26 ફેબ્રુઆરીથી રાજ્યભરમાં ધોરણ 10 અને 12 ની પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે વડોદરાની મધ્યસ્થ જેલમાં સજા ભોગવતા કેટલાક કેદીઓ પણ આ પરીક્ષા આપવાના હોવાથી ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ વખતે વડોદરા સેન્ટ્રલ જેલમાંથી ધોરણ 10 માંથી આઠ ધોરણ 12માંથી ચાર અને દાહોદના બે કેદી એમ કુલ મળીને 14 કેદી પરિક્ષાર્થીઓ પરિક્ષા આપશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની આગામી 26 મી ફેબ્રુઆરીથી ધોરણ 10 અને 12 ની બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે, વડોદરાની મધ્યસ્થ જેલના કેદીઓ પણ આ પરીક્ષા આપવાના છે.

આ પરીક્ષામાં વડોદરા મધ્યસ્થ જેલમાંથી આઠ કેદીઓ ધોરણ 10 અને ચાર કેદીઓ ધોરણ 12 ની જ્યારે અન્ય બે બહારની જેલના કેદીઓ પરીક્ષા આપવાના છે. ત્યારે, વડોદરા મધ્યસ્થ જેલ પ્રશાસન દ્વારા પણ આ કેદી પરિક્ષાર્થીઓ માટે જેલ સંકુલમાં ખાસ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે.

પરીક્ષા આપનાર કેદી પરિક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં કોઈ તકલીફ ન પડે તે અંગે જેલ અધિકારી દ્વારા ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે અને તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે.

જેલ અધિક્ષક ઉષા રાડાએ જણાવ્યું હતું કે, બોર્ડની પરીક્ષાઓ આવી રહી છે.

વડોદરા સેન્ટ્રલ જેલમાં એની તમામ વ્યવસ્થાઓ બેઠક વ્યવસ્થાઓ થઈ ચૂકી છે અને કેદીઓ છે એ ઉત્સાહભેર ભાગ લઈ શકે તેના માટે મોટીવેટ પણ કરવામાં આવે છે.

બેઠક વ્યવસ્થામાં એ લોકોને તાપ ન લાગે એ પ્રમાણે સારા વાતાનુકૂલિત વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પાણીની વ્યવસ્થા સહિતની કોઈ ગેરરીતિ ન થાય તે મુજબની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.

વડોદરામાં બુટલેગરની અનોખી તરકીબ

# મકાનની છતમાં સંતાડી રાખેલો દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

શહેરના કિશનવાડી વિસ્તારમાં ચાલતા હાઈપ્રોફાઈલ દારૂના નેટવર્કનો પીસીબીએ પર્દાફાશ કર્યો છે. મકાનની સીલિંગના POP તેમજ બ્યુટી પાર્લરની આડમાં સંતાડેલો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડી બુટલેગરોના કારસ્તાનને ઉઘાડુ પાડ્યું હતું.



પોલીસને કિશનવાડી વુડાના મકાન પાસે આવેલ પરશોત્તમનગર સોસાયટીના મકાન નં. સી-35 માં હિતેશકુમાર રતિલાલ જયસ્વાલ દારૂનો વેપલો કરે છે. તેવી મળેલી બાતમીના આધારે પોલીસે મકાન પર દરોડો પાડ્યો ત્યારે પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આરોપીએ ધરપકડથી બચવા માટે છતના POP અને ઘરમાં ચાલતા બ્યુટી પાર્લરના ખાનાઓમાં દારૂની બોટલો છુપાવી હતી. આ કેસમાં દારૂનો જથ્થો પૂરો પાડનાર મુખ્ય સૂત્રધાર જીજ્ઞેશ ઉર્ફે જીગાને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

શહેરમાં દારૂની બદીને નાથવા ઠેરઠેર દારૂના અડ્ડાઓ પોલીસની રેડના પગલે બૂટલેગરોમાં ભારે ફફડાટ પેસી ગયો છે.

વીસી ઓફિસના દરવાજે મેમોરેન્ડમ ચોંટાડી સત્તાધીશો વિરુદ્ધ બળાપો ઠાલવ્યો

# MSUના પ્રો.ભાવના મહેતાની ડીન તરીકે નિયુક્તિ સામે પૂર્વ સેનેટ સભ્યનો વિરોધ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.23

એમ.એસ.યુનિવર્સીટીમાં કોન્ટ્રોલર ઓફ એક્ઝામિનેશન તરીકે ફરજ બજાવતા પ્રો.ભાવના મહેતાની ડીન તરીકે નિયુક્તિને લઈ વિવાદ સર્જાયો છે. આ મામલે પૂર્વ સેનેટ સભ્ય કપિલ જોષી હેડ ઓફીસ ખાતે પહોંચ્યા હતા. જ્યાં રજૂઆત સાંભળનાર કોઈ ન હોય તેઓએ મેમોરેન્ડમ વીસી ઓફિસના દરવાજે ચોંટાડી મહિલા પ્રોફેસરની ડીન તરીકેની નિયુક્તિ સામે કાનૂની વાંધો ઉઠાવ્યો હતો. વિશ્વવિખ્યાત વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં કંટ્રોલર ઓફ એક્ઝામિનેશન તરીકે કાર્યરત પ્રો.ભાવના મહેતાની એફએસડબ્લ્યુમાં ડીન તરીકે નિયુક્તિ કરવામાં આવતા પૂર્વ સેનેટ સભ્ય કપિલ જોશીએ આ મુદ્દે વાંધો ઉઠાવ્યો હતો. તેમનું કહેવું છે કે, આ યુનિવર્સિટી જાણે કે કોઈ પેઢી હોય તેમ જુના કે નવા એમએસયુ એક્ટ કે કોમન યુનિવર્સિટી એક્ટ બંનેની ઐસી તૈસી કરીને પ્રો. ભાવના મહેતાના મુદ્દે વિચિત્ર કહી શકાય તેવો નિર્ણય લેવામાં આવ્યો છે.



**ડીન તરીકે નિયુક્તિ મેં સ્વિકારી નથી, તથ્ય વગરની વાત કરે છે**

મારી ડીન તરીકે નિયુક્તિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી એ ખૂબ સારું કર્યું, માન આપ્યું પણ મેં એ નિયુક્તિ સ્વીકારી નથી. ગુરુવારે મને લેટર આવ્યો, મેં શુક્રવારે વીસીને ચર્ચા કર્યા બાદ ના પાડી અને શનિવારે મેં મારો ઓથ્લેન્ટિક લેટર મોકલાવી દીધો છે. મેં જોઈન જ નથી કર્યું. તથ્ય વગરની વાત કરે છે

**પ્રો.ભાવના મહેતા,** કન્ટ્રોલર ઓફ એકઝામીનેશન,એમએસયુ

**તંત્રનો લુલો બચાવ** વડોદરાની હવા ઝેરી બની છતાં કોર્પોરેશન ઘેરી નિદ્રામાંઃ એક મહિનાથી AQIના આંકડા વેબસાઈટ પરથી 'ગાયબ'

# નંદેશરીમાં AQI 260ને પાર:રહીશોના શ્વાસ રૂંધાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 23

વડોદરા શહેરમાં જાન્યુઆરી મહિનાથી હવાની ગુણવત્તા (AQI) સતત ચિંતાજનક સ્તરે રહી છે, તેમ છતાં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ મામલે સૂચક મૌન સેવવામાં આવી રહ્યું હોય તેમ જણાય છે. શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રદૂષણના આંકડા જાહેર કરવાની વ્યવસ્થા ખોરવાઈ જતા નાગરિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.શહેરના જાંબુઆ, બાપોદ, ટ્રાન્સપેક, મંગળ બજાર અને સુભાનપુરા જેવા સંવેદનશીલ વિસ્તારોમાં હવાની ગુણવત્તા માપવા માટે કોર્પોરેશન દ્વારા સિસ્ટમ કાર્યરત છે. અગાઉ આ વિસ્તારોના આંકડા નિયમિત રીતે વેબસાઈટ પર મૂકવામાં આવતા હતા, પરંતુ છેલ્લા




**નાગરિકોની માગ**

- તમામ વિસ્તારોના AQI આંકડા તાત્કાલિક ધોરણે જાહેર કરવામાં આવે.
- ઔદ્યોગિક વિસ્તારોમાં પ્રદૂષણ ફેલાવતા એકમો સામે કડક કાર્યવાહી થાય.
- માત્ર આંકડા દર્શાવવા પૂરતું નહીં, પણ પ્રદૂષણ ઘટાડવા માટે નક્કર એક્શન પ્લાન અમલમાં મુકાય.

એક મહિનાથી ઓનલાઈન પોર્ટલ પર કોઈ અપડેટ જોવા મળતું નથી. આ અંગે અધિકારીઓનું કહેવું છે કે, "સિસ્ટમનું મેન્ટેનન્સ ચાલી રહ્યું હોવાથી ડેટા દર્શાવવામાં વિલંબ થઈ રહ્યો છે." જોકે, લાંબા સમયથી ચાલી રહેલા આ મેન્ટેનન્સ સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે.શહેરના કારેલીબાગ વિસ્તારમાં વડોદરાનું પ્રથમ 24 કલાક કાર્યરત રહેતું AQI સ્ટેશન શરૂ કરવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી આ વિસ્તાર સતત 'ઓરેન્જ ઝોન'માં રહ્યા બાદ, છેલ્લા ત્રણ દિવસથી સ્થિતિમાં સુધારો નોંધાયો છે. આજે કારેલીબાગનો AQI 115 નોંધાયો હતો, જે 'યલ્લો ઝોન' એટલે મધ્યમ શ્રેણી માં આવે છે.

બીજી તરફ, ઔદ્યોગિક વિસ્તાર એવા નંદેશરીમાં સ્થિતિ વધુ વણસી છે. ગઈકાલે નંદેશરીનો AQI 260 ના આંકને સ્પર્શી ગયો હતો. આ વિસ્તાર હાલ 'ઓરેન્જ ઝોન'માં હોવાથી સ્થાનિક રહીશોમાં શ્વાસ લેવામાં તકલીફ અને અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓની ચિંતા વ્યાપી છે.વડોદરામાં સતત વધતું જતું વાયુ પ્રદૂષણ હવે સ્વાસ્થ્ય માટે ખતરો બની રહ્યું છે, ત્યારે તંત્ર આ મામલે કેટલી ગંભીરતા દાખવે છે તે જોવું રહ્યું.

ગર્ભવતી પત્ની પાછળ છૂટી જતાં વિસ્તારમાં શોકની લાગણી

# વડોદરા-હાલોલ હાઈવે પર હિટ એન્ડ રન, યુવકનું મોત નીપજ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 23

વડોદરા-હાલોલ હાઈવે ફરી એકવાર રક્તરંજિત બન્યો છે. ગત રોજ મધરાતે સર્જાયેલા ભીષણ હિટ એન્ડ રન અકસ્માતમાં 25 વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત થયું છે, જ્યારે તેની સાથે રહેલો મિત્ર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. અકસ્માતની સૌથી વધુ હ્રદયદ્રાવક બાબત એ છે કે મૃતક યુવકની પત્ની હાલ ગર્ભવતી હોવાનું સામે આવ્યું છે.



વાઘોડિયા તાલુકાના આલમગઢ ગામના રહેવાસી ગણેશ વસાવા (ઉં.વ. 25) અને તેનો મિત્ર મનીષ સુરેશભાઈ વસાવા (ઉં.વ. 22) છેલ્લા બે મહિનાથી વડોદરાના હરણી વિસ્તારમાં આવેલા એક મોલમાં નોકરી કરતા હતા. ગત રાત્રે આશરે બે વાગ્યાના સુમારે બંને મિત્રો ફરજ પૂરી કરી મોટરસાઈકલ પર ઘરે પરત ફરી રહ્યા હતા.

કોટંબી સ્ટેડિયમથી મછલીપુર ગામ તરફ જતા માર્ગ પર પૂરપાટ ઝડપે આવેલા અજાણ્યા વાહનચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતની તીવ્રતા એટલી ભયાનક હતી કે બાઈક ચલાવી રહેલો ગણેશ રોડ પર ફેંકાઈ ગયો અને તેને માથા સહિત શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. પાછળ બેઠેલા મનીષને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી.અકસ્માત સર્જીને વાહનચાલક અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ જરોદ પોલીસ સ્થળ પર પહોંચી હતી. ઈજાગ્રસ્ત મનીષને તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલ (SSG) ખાતે ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત હાલ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે મૃતક ગણેશના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જરોદ હોસ્પિટલ ખસેડાયો હતો.હોસ્પિટલ ખાતે પરિવારજનોના આક્રંદથી કરુણ દ્રશ્યો સર્જાયા હતા. ખાસ કરીને ગણેશની ગર્ભવતી પત્નીની હાલત જોઈને હાજર સૌ કોઈની આંખો ભીની થઈ ગઈ હતી.